### આમોદ ગામની સમા ચોકડી પાસેની ઘટના

# બેફિકરાઇથી દોડતી કારમાંથી નશામાં ધૂત વડોદરાના 5 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદ પોલીસની ટીમ પીએમ મોદીના કાર્યક્રમને લઈને નાઈટ રાઉન્ડમાં હતી. તે વેળાં સમા ચોકડી પાસે એક એસેન્ટ કારનો ચાલક આખા રોડ પર તેની કાર વાંકીચુકી ચલાવી રહ્યો હતો. જેના પગલે પોલીસે તેને હોર્ન મારી તેને કાર રોકવા કહેતાં તે તેની કાર ઉભી ન રાખતાં પોલીસે તેને ઓવરટેક કરી કાર થોભાવી હતી. કારમાં બેસેલાં લોકોની પુછપરછ કરતાં તેઓ પાંચેય વડોદરાના હોવાનું તેમના નામ અમિત મગન માછી (રહે. કિસ્મત ચોક), જીજ્ઞેશગીરી ઘનશ્યામગીરી ગોસાઈ (રહે. મીરા સોસાયટી), રોનક અશોક સૈદાણે તેમજ જયદીપ સદાશિવ બોરાડે (બન્ને રહે. અમ્મા આશિષ સોસાયટી) તેમજ ભાવિક ઘનશ્યમ ભટ્ટ (રહે. અંબે વીલા ફ્લેટ) હોવાનું માલુમ પડ્યું હતું.

**DATE: 10/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

### ગડખોલ પાસે કારને આંતરીને નગરસેવકને હથોડીના ઘા ઝીંકાયા હતાં

# ભરૂચના પૂર્વ નગરસેવક પર હુમલા કેસમાં 2 આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચના પુર્વ નગરસેવક મનહર પરમાર ઉપર હુમલો કરવાના કેસમાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે જ્યારે અન્ય બે હજી ફરાર છે.

ભરૂચ નગરપાલિકાના પુર્વ સભ્ય મનહર પરમાર પર તારીખ 16મી સપ્ટેમ્બરના રોજ ગડખોલ પાટીયા પાસે જીવલેણ હુમલો થયો હતો. તેમને હથોડીના ઘા ઝીકી લોહીલુહાણ કરી નાંખવામાં આવ્યાં હતાં. બનાવ અંગે તેમણે શહેર પોલીસ સ્ટેશનમાં ચાર હુમલાખોરો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. અમિત ગોહીલ, વિશાલ ગોહિલ તથા તેમના સાગરિતોએ હુમલો કર્યો હોવાનું તેમણે ફરીયાદમાં જણાવ્યું હતું.

શહેર પોલીસે 24 દિવસ બાદ હુમલામાં સંડોવાયેલા વસંત મિલની ચાલમાં રહેતા અમિત રામજી ગોહિલ અને ભરૂચના શ્રીજી સદનમાં રહેતાં અને મુળ યુપીના રાહુલ ખંડેલવાલાને ઝડપી પાડયાં છે. આ કેસમાં વિશાલ ગોહીલ અને અન્ય એક આરોપી ફરાર છે. ઝડપાયેલાં બંને આરોપીઓની પુછપરછ ચાલી રહી છે. પુર્વ નગરસેવક પર હુમલા કેસમાં અંક્લેશ્વર શહેર પોલીસ આરોપીઓની આકરી પુછપરછ કરે તો અનેક મોટા માથાઓની સંડોવણી બહાર આવે તેવી સંભાવના છે.

**DATE: 10/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

## આજે આમોદની સભામાં રાજ્યના 8200 કરોડના કામો ખુલ્લા મુકાશે : સભા સ્થળ 200 ટ્રક ક્વોરી ડસ્ટથી સમતળ કરાયું

# PM ભરૂચને 4,100 કરોડના પ્લાન્ટની ભેટ આપશે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ભરૂચવાસીઓને 4,100 કરોડના જીએસીએલ કંપનીના પ્લાન્ટ સહિત રાજ્યમાં 8,200 કરોડના વિકાસકામોની ભેટ આપશે. જીએસીએલ હાઇડ્રાઇઝિન હાઇડ્રેટનું ઉત્પાદન કરતી દેશની પ્રથમ કંપની બનશે અને તેનાથી સ્થાનિક રોજગારીમાં વધારો થશે.

ભરૂચમાં બે દિવસથી વરસી રહેલાં વરસાદના કારણે સભા સ્થળે જમીન પોચી બની હતી. 36 સ્કેવર ફુટથી વધુના મેદાનને સમતળ કરવા માટે 200 થી વધારે ટ્રક ભરી ક્વોરી ડસ્ટ નાંખવામાં આવ્યું છે.

વરસાદના વિઘ્ન વચ્ચે પણ પીએમ મોદીની જાહેરસભા થવાનું નક્કી થઇ ગયું છે. ત્યારે આમોદ ખાતે યોજનારી જાહેરસભાના સ્થળે વરસાદ વચ્ચે પણ વહિવટીતંત્ર તમામ વિઘ્નોને દૂરકરવા માટે જોતરાઇ ગયું છે. સોમવારે યોજનારા કાર્યક્રમમાં પીએમ મોદી રૂ.8200 કરોડના મહત્વકાંક્ષી પ્રોજેક્ટના લોકાર્પણ-ભૂમિપૂજન કરશે.ત્યારે કાર્યક્રમમાં ભરૂચ - વડોદરા સહિતના જિલ્લામાંથી એક લાખ જેટલી જનમેદની એકત્ર કરાશે. લોકોને લાવવા લઇ જવા માટ રાજ્યભરના 29 ડેપોમાંથી 780 જેટલી બસો ફાળવવામાં આવી છે.

આમોદ ખાતે રેવા સુગરના મેદાનમાં તૈયાર કરાયેલાં અધ્યતન ડોમમાં એક લાખ જેટલાં લોકોને પીએમ મોદી સંબોધશે. કાર્યક્રમમાં રાજ્યના મંત્રી મંડળ સહિત કેન્દ્રિય મંત્રીઓ પણ ઉપસ્થિત રહેશે. જેના પગલે વીવીઆઇપી સુરક્ષાને લઇને પીએમ મોદી સાથેની ખાસ સુરક્ષા ટીમ સિવાય ભરૂચ પોલીસ દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલે પણ ચુસ્તબંદોબસ્ત ખડક્યો છે. જેમાં સભા સ્થળે બે હજાર જેટલી પોલીસ તેમજ એક એસઆરપી કંપની વોકીટોકી-બોડીવોર્ન કેમેરાથી સજ્જ રહેશે.



વરસતા વરસાદ વચ્ચે 1 લાખની ક્ષમતાવાળો ડોમ તૈયાર કરવામાં આવ્યો છે.

### પોલીસ વોકીટોકી-બોડીવોર્ન કેમેરાથી સજ્જ

આમોદ ખાતે યોજાનારા મોદીના કાર્યક્રમને લઇને પોલીસતંત્ર સજ્જ બન્યું છે. સભાસ્થળે અનિચ્છીય બનાવને ટાળવા અને તકેદારીના ભાગરૂપે તમામ ચોક્કસાઇ રાખવામાં આવી છે. સભા સ્થાને 44 ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટર, 57 હેન્ડ હેલ્ડ મેટલ ડિટેક્ટર સહિત 83 વોકી ટોકી અને 30 જેટલાં બોડી વોર્ન કેમેરાથી પોલીસ સજ્જ રહેશે.

### મોદીની સભાને લઇને ચુસ્ત બંદોબસ્ત

| અધિકારી | સંખ્યા |
|---|---|
| ડીએસપી | 9 |
| ડીવાયએસપી | 19 |
| પીઆઇ | 50 |
| પીએસઆઇ | 124 |
| હેકો/પોકો | 1500 |
| ઘોડા | 14 |
| એસઆરપી | 1 કંપની |
| હોમગાર્ડ્સ | 200 |

### ક્યાં ક્યાં ડેપોમાંથી બસો ફળવાઇ

અંકલેશ્વર, વાપી, પરમપુર, ભરૂચ, જંબુસર, રાજપીપળા, ઝઘડિયા, લુણાવાડા, દાહોદ, નવસારી, વલસાડ, બારડોલી, માંડવી, પાદરા, ઓલપાડ, આહવા, ગોધરા, હાલોલ, કરજણ, ગાંધીનગર, બારિયા, સંતરામપુર, ઝાલોદ, બિલીમોરા, સુરત સિટી, સોનગઢ, સુરત ગ્રામ્ય, પાદરા તેમજ વાઘોડિયા ડેપોની બસો ફળવાઇ છે.

### 36 હજાર સ્કે. ફૂટમાં સભા મંડપ બનાવાયો

આમોદની રેવા સુગર ફેક્ટરીના મેદાનમાં 36 હજાર સ્કેવર ફુટમાં સભા મંડપ બનાવવામાં આવ્યો છે. ડોમમાં 1 લાખ લોકો બેસી શકે તેવી વ્યવસ્થા છે.

DATE: 11/10/2022 CATEGORY: GREEN
E-PAPER DIVYABHAKAR PAGE–04

### બે બૂટલેગરો વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરાઈ

# ઝઘડિયામાંથી LCBએ 72 હજારનો દારૂ ઝડપી પાડયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ જિલ્લા એલસીબી પીઆઈ ની સુચના મુજબ પ્રોહિબિશન અને જુગારની પ્રવૃત્તિ અટકાવવા ઝઘડિયા વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગમાં હતા.

પેટ્રોલિંગ દરમ્યાન એલસીબી ટીમને બાતમી મળી હતી કે ઝઘડિયા ટાઉન વિસ્તારમાં હનુમાન ફળિયામાં રહેતો મુકેશ ઝીણુ રાવળ ગેરકાયદેસર વગર પાસ પરમિટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો લાવી તેના ઘરની બાજુમાં ખુલ્લા મેદાનમાં રાખી ત્યાં સ્થળ પર હાજર છે. બાતમીના આધારે જિલ્લા એલસીબી ટીમે બુટલેગર મુકેશ ઝીણુ રાવળ ના ઘર પાસે ખુલ્લા મેદાનમાં છાપો મારતા મુકેશ રાવળ સ્થળ પર હાજર હોય તેને ઝડપી લીધો હતો, તેના ઘરની બાજુમાં ખુલ્લા મેદાનમાં તપાસ કરતા વિદેશી દારૂની બોટલો મળી આવી હતી, જિલ્લા એલસીબી દ્વારા ભારતીય બનાવટની પરપ્રાંતીય વિદેશી દારૂની કુલ 723 નંગ બોટલો જેની કિંમત રૂ.72,300 જપ્ત કરી હતી.

**DATE: 12/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–01**

### પોલીસે અલગ અલગ બ્રાન્ડની મોંઘીદાટ દારૂની બોટલો જપ્ત કરી

# અંકલેશ્વર શહેરમાં કરિયાણાની દુકાનમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર શહેર પોલીસે કરિયાણા દુકાનમાં દારૂ વેચતા દુકાનદારને ઝડપી પાડયો હતો. પોલીસે તેની પાસેથી દારૂની 67 નંગ બોટલો મળી કુલ. રૂ.30 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અંકલેશ્વર શહેર પોલીસ મથક સર્વેલન્સ સ્કોર્ડનો સ્ટાફ તેમના વિસ્તારમાં પેટ્રોલીંગ હતો. તે દરમિયાન હે.કો. કનકસિંહ હમીરસિંહને માહિતી મળી હતી કે, સરદાર પટેલ હોસ્પિટલ રોડ ઉપર આવેલી જય જલારામ કરિયાણા સ્ટોરમાં સંદીપ ઉર્ફે મુન્નો મોદી કરિયાણાની દુકાનમાં દારૂ સંતાડી રાખી ચોરી છુપીથી વેચાણ કરે છે.પોલીસે દુકાન પર દરોડો પાડતાં લાકડાના કબાટમાંથી ત્રણ કોથળામાંથી જુદી જુદી બ્રાન્ડની દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી દારૂની 67 બોટલો સાથે આરોપી સંદીપ મોદીની ધરપકડ કરી છે. આરોપી કોની પાસેથી દારૂ લાવતો હતો તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં બુટલેગરો યેનકેન પ્રકારે દારૂ ઘુસાડી તેનું વેચાણ કરતાં હોય છે. કરિયાણાની દુકાનના નામે દારૂનું વેચાણ કરતાં બુટલેગરના રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરાય છે.

## પટેલ નગર ઝૂંપડપટ્ટીમાં રહેતા આરોપીએ ગોડાઉનમાં ધાપ મારી હતી

# અંકલેશ્વરમાંથી 20 બેટરી ચોરી જનારી ગેંગ પોલીસના સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર એસ.એ. મોટર થી યુ.પી. એલ કંપની રોડ પર આવેલ રુબી કેમ કમ્પાઉન્ડ માં જીઆઈડીસી ખાતે રહેતા હર્ષદ પટેલ ગોડાઉન ધરાવે છે તેમને પોતાના ગોડાઉન માં જૂની બેટરી નો જથ્થો મુક્યો હતો જે ગત 5 ઓક્ટોબર ની રાત્રી ના ચોરી થઈ જવા પામ્યો હતો જે અંગે ગત રોજ અંકલેશ્વર શહેર પોલીસ મથકે 20 જેટલી જૂની બેટરી કિંમત રૂપિયા



55,500 રૂપિયા ની ચોરી નો ગુનો નોંધાવ્યો હતો.

જે ફરિયાદ આધારે શહેર પોલીસની ટીમ દ્વારા હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સ આધારે પટેલ નગર ઝુપડપટ્ટી ખાતે રહેતા રીઢા ચોર જીગ્નેશ ઉર્ફે જીગલો રણજીત રાઠવા, મુકેશ ઉર્ફે મૂકો રમણ તડવી, અને મહાવીર ટર્નીંગ ઈન્દીરા નગર ખાતે રહેતા વિજય ઉર્ફે ધેલ રણજીત વસાવાને ઝડપી પાડ્યો હતો. પોલીસ દ્વારા ઝડપાયેલ જીગ્નેશ ઉર્ફે જીગલો રીઢા ચોર હોય અન્ય ચોરી માં તેની સંડોવણી છે કે કેમ તે અંગે રિમાન્ડની તજવીજ શરૂ કરી હતી.

**DATE: 12/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHAKAR PAGE–04**

### આરોપી ઈમરાન પટેલને સુરતથી ઝડપી લેવાયો

# અંકલેશ્વરમાં દારૂ કેસમાં ફરાર આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પાસેના નેશનલ હાઈવે પર મેઘા પેટ્રોલ પંપ સામે થી ઝડપાયેલ 5.48 લાખ ના દારૂ પ્રકરણ વોન્ટેડ આરોપી ને તાલુકા પોલીસે સુરત ખાતેથી ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર તાલુકા પોલીસ ને અંકલેશ્વર ખરોડ વચ્ચે ના નેશનલ હાઈવે નંબર 48 ઉપર મેઘા પેટ્રોલ પંપ સામે ના રોડ ની બાજુમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ઉતારેલ અને આ દારૂ ભરવા માટે એક શખ્સ ફોર્ડ ફિગો કાર આવનાર હોવાની મળેલી માહિતી મળી હતી જે આધારે દરોડો પાડતા દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો અને દારૂનો જથ્થો ભરવા આવેલા કાર સાથે સુરતના પડિસરા ના કરણ દેવી પ્રસાદ પડિ ને ઝડપી પાડયો હતો તાલુકા પોલીસે સ્થળ પરથી 1.43 લાખ ઉપરાંતનો ઈંગ્લીશ દારૂ ,4 લાખની કાર અને મોબાઈલ મળી કુલ રૂપિયા 5.48 લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી સુરત અમરોલી ના શુભમ સીંગ અને ,વિષ્ણુ સાગર તેમજ ઈમરાન પટેલ નામના શખ્સો ને વોન્ટેડ જાહેર કરી તેઓ ને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 13/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# અંકલેશ્વરના ભરૂચી નાકા પાસેથી શંકાસ્પદ ભંગારના જથ્થા સાથે બે ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વરના જૂના બોરભાઠા ગામ તરફથી શ્રી વ્હીલ ટેમ્પો નં.(જી.જે.૧૬.એક્સ.૪૦૧૨) માં બે ઈસમ લોખંડની પ્લેટ અને ભંગાર ભરી અંકલેશ્વર આવી રહ્યા છે, એવી બાતમીના આધારે અંકલેશ્વર શહેર પોલીસે ભરૂચી નાકા પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળો ટેમ્પો આવતાં પોલીસે તેને અટકાવી ટેમ્પોમાં તપાસ કરતાં લોખંડની પ્લેટ, એંગલના ટૂકડા સહિત ૪૫૦ કિલો ભંગાર મળી આવ્યો હતો. પોલીસે ટેમ્પોચાલક અને અન્ય ઈસમને ભંગાર અંગે પૂછપરછ કરતાં તેમણે સંતોષકારક જવાબ નહીં આપતાં પોલીસે ૧૫ હજારનો ભંગાર અને ટેમ્પો મળી કુલ ૭૫ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને ગડખોલની સરસ્વતી સ્કૂલ સ્થિત વિજયનગરમાં રહેતો ટેમ્પોચાલક અજય સુભાષચંદ્ર કશ્યપ અને ઉમેશ શીવધારી રામને ઝડપી પાડ્યો હતો.

**DATE: 13/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

### 14 હજાર રૂપિયા ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરાયો

# અંકલેશ્વર શહેરમાં ત્રણ સ્થળેથી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસે ત્રણ સ્થળે ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. બે બુટલેગર ઝડપાઈ ગયા હતા જ્યારે અન્ય એક ફરાર થઈ ગયો હતો. પોલીસે કેશવ પાર્ક ખાતે થી 28 બોટલ ઈંગ્લીશ દારૂ મળી 6700 રૂપિયા જથ્થો જપ્ત કર્યો હતો. નવા દીવા શ્યામજી ફળીયા માંથી 32 બોટલ મળી 3200 દારૂ નો જથ્થો જપ્ત કર્યો જો કે બુટલેગર ફરાર થઈ ગયો હતો. આદર્શ સ્કૂલ પાસે ઈંગ્લીશ દારૂ લઈ જતા ઉમરવાડા ખેપિયો ઝડપાયો હતો. પોલીસે બંને સ્થળેથી 14 હજાર રૂપિયા ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અંકલેશ્વર શહેર પોલીસ દ્વારા બે અલગ અલગ દરોડામાં 10 હજાર ઉપરાંતનો ઈંગ્લીશ દારૂ ઝડપી પાડ્યો હતો.પ્રથમ દરોડા માં અંકલેશ્વર કેશવ પાર્ક ખાતે રહેતા ભાવેશ ઉર્ફે લલ્લુ પ્રશાંત મોદી ના ઘરે દરોડા પાડ્યા હતા. જ્યાં ઈંગ્લીશ દારૂ ની નાની મોટી બોટલ અને બિયર ના ટીન મળી 28 બોટલ ઝડપી પાડ્યા હતા પોલીસે 6700 રૂપિયા નો દારૂ નો જથ્થો જપ્ત કર્યો હતો અને ભાવેશ ઉર્ફે લલ્લુ મોદીની ધરપકડ કરી હતી. બીજા દરોડામાં નવા દીવા ગામ ખાતે શામજી ફળીયા માં ખુલ્લા માં ઈંગ્લીશ દારૂ વેચતા હોવાની માહિતી આધારે દરોડા પાડ્યા હતા. જો કે પોલીસ દરોડા બુટલેગર રોહિત મના વસાવા દારૂ નો જથ્થો મૂકી ફરાર થઈ ગયો હતો પોલીસે સ્થળ પર થી ઈંગ્લીશ દારૂની 32 બોટલ મળી 3200 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે બુટલેગર રોહિત વસાવા ફરાર થઈ જતા પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો. તો અંકલેશ્વર આદર્શ સ્કૂલ -સુરતી ભાગોળ રોડ પર ઉમરવાડા નો બુટલેગર રાહુલ મનહર વસાવા ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈ પસાર થઈ રહ્યો હોવાની ચોક્કસ માહિતી આધારે આદર્શ સ્કૂલ પાસે વોચ ગોઠવી હતી જ્યાં રાહુલ મનહર વસાવા ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે રંગેહાથ ઝડપાઈ જવા પામ્યો હતો. પોલીસે 750 એમ.એલ ની 8 બોટલ મળી કુલ 4000 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે રાહુલ વસાવા ની ધરપકડ કરી હતી. પોલીસે ત્રણ અલગ અલગ સ્થળે થી 14000 રૂપિયા ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

DATE: 13/10/2022 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–04

# અંકલેશ્વરની વર્ષા હોટલ પાછળ 4 જુગારી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ દ્વારા નેશનલ હાઈવે નંબર 48 પર આવેલ વર્ષા હોટલ પાછળ જાહેર માં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા પ્રવીણ વણઝારા, અશોક વાઘેલા,રવિ કુચ બંધીયા, અને દિલીપ મણવર ને રંગેહાથ ઝડપી પાડ્યા હતા તેમની અંગઝડતી તેમજ દાવ પર લાગેલા રોકડા મળી પોલીસે 1376 નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.તેમજ તમામ જુગારીયાને જેલભેગા કર્યા હતા.

**DATE: 14/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### પરપ્રાંતિય વિસ્તારોમાં 20 દિવસ બાદ ફરી ઓપરેશન ડોમિનેશન એરિયા હાથ ધરાયું

# અંકલેશ્વરના ગડખોલમાં પોલીસનું કોમ્બિંગ એક જ રાતમાં 269 લોકો સામે તવાઈ બોલાવી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના પરપ્રાંતિય વિસ્તારોમાં 20 દિવસ બાદ પોલીસે ફરી મોટી કાર્યવાહી કરી છે. મીરાનગર બાદ હવે ગડખોલના વિજયનગર સહિતના વિસ્તારોમાં મેગા કોમ્બિંગ કરીને એક જ દિવસમાં 269 ગુના દાખલ કરાયાં છે.

અંકલેશ્વરમાં વધતી જતી ગુનાખોરીને ધ્યાને રાખી પોલીસે પરપ્રાંતિય વસતી ધરાવતાં વિસ્તારો પર ધોંચ વધારી છે. સપ્ટેમ્બર મહિનામાં મીરાનગર સહિતના વિસ્તારોમાં પોલીસે કોમ્બિંગ કર્યું હતું. 20 દિવસ બાદ ફરીથી ઓપરેશન ડોમિનેશન એરીયા હાથ ધરાયું હતું. વિજયનગર-ચંડાલ ચોકડી વિસ્તારને 135થી વધારે પોલીસ જવાનોએ કોર્ડન કરી લીધો હતો. એસપી ડો.લીના પાટીલ સુચના અને અંકલેશ્વર ડીવાયએસપી ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ દિવાળીના તહેવાર અને વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને મેગા કોમ્બિંગ કરાયું હતું. જેમાં 76 વાહનોના માલિક સામે એમવી એક્ટ મુજબ, 37 મકાન માલિકો સામે ભાડુઆત નોંધણી અંગે, 26 લોકો સામે પ્રોહિબીશન એક્ટ તથા 188 લોકો સામે બી રોલ અને એક જુગારનો કેસ કરાયો હતો.



વિજયનગર અને ચંડાલ ચોકડી વિસ્તારમાં પોલીસના ધાડેધાડા ઉતરી પડ્યાં હતાં.

## કિંમતી સામાન સુરક્ષિત સ્થળે રાખવા અપીલ

દિવાળી વેકેશનમાં લોકો ફરવા જશે ત્યારે તેમના મકાનોમાં ચોરીના બનાવો રોકવા માટે પોલીસ અત્યારથી સતર્ક બની છે. પોલીસે બહાર જતાં પરિવારોને તેમનો કિમંતી સામાન ઘરોમાં રાખવાના બદલે સુરક્ષિત સ્થાને મુકવા અપીલ કરી છે. બંધ મકાન અંગે પાડોશીને તથા નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવા જણાવાયું છે. જ્વેલર્સ તથા આંગડીયાઓને સલામતીના પગલાં ભરવા માટે પોલીસ વિભાગ તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.

## જંબુસર તાલુકાના સારોદ ગામ ખાતેની ઘટના

# મહીસાગર નદીના ભાઠામાં જુગાર રમતાં 8 ઝડપાયા, 4 જણાં ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર તાલુકાના સારોદ ગામે વાંટામાં મહિસાગર નદીના ભાઠામાં ચાલતી જુગારની મહેફિલ પર વેડચ પોલીસની ટીમે દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ પાડતાં 4 જુગારિયાઓ નાસી છુટ્યાં હતાં. જ્યારે 8 જણા ઝડપાઇ ગયાં હતાં.

જંબુસર તાલુકામાં આવેલાં સારોદ ગામના વાંટામાં મહિસાગર નદીના ભાઠામાં આવેલી ખુલ્લી જગ્યામાં બાવળિયા નીચે કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની ચોક્કસ બાતમી વેડચ પોલીસને મળી હતી. જેના પગલે ટીમે તુરંત સ્થળ પર પહોંચી દરોડો પાડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, પોલીસે તે પૈકીના અઝીઝ ઈબ્રાહિમ મગા, સિરાજ ઉર્ફે દિલીપ અબ્દુલ્લા કારભારી, યોગેશ નાના માછી, શકીલ અબ્દુલ્લા કારભારી, યુનુસ ઉર્ફે કાલુ અહમદદાસ, રસીદ યાકુબ અબ્દુલ્લા રવાલી, હિતેશ ઉર્ફે લાલો આશા માછી તેમજ ઐયુબ ઈબ્રાહિમ પટેલને ઝડપી પાડ્યાં હતાં.

DATE: 14/10/2022 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–04

# અંકલેશ્વરમાં જુગાર રમતાં પાંચ ખેલી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસ મથક સ્ટાફ પેટ્રોલીંગમાં હતો અંસાર માર્કેટ પાસે આવેલ કાઠીયાવાડી હોટલની બાજુમાં જુગારનો અડ્ડો ચાલી રહયો છે.પોલીસે દરોડો પાડી સ્થળ પરથી રોકડ રૂપિયા સહિત કુલ 28 હજારના મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને અમર તૃપ્તિ હોટલ પાસે રહેતો જાવેદ હુસેન શેખ,મોહમદ જાહિર સિદ્દીકી સહિત પાંચ જુગારીઓને ઝડપી પાડી જેલ ભેગા કર્યા હતા.

**DATE: 14/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### કાર સહિત કુલ 6.75 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો

# પાનોલી નજીકથી કારમાંથી 1.75 લાખનો દારૂ મળ્યો, ડ્રાઈવર ફરાર

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા પોલીસે પાનોલી કબ્રસ્તાન નજીક દારૂ ભરેલી ઈનોવા કાર ઝડપી પાડવામાં આવી હતી જ્યારે કાર ચાલક ફરાર થઇ ગયો હતો. પોલીસે 1.75 લાખ રૂપિયા નો દારૂ તેમજ 5 લાખ રૂપિયાની ઈનોવા કાર મળી કુલ 6.75 લાખ નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ આદરી છે.

અંકલેશ્વર તાલુકા પોલીસ પાનોલી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન માહિતી મળી હતી કે પાનોલી કબ્રસ્તાન પાસે મોટા પાયે દારૂ ઠલવાઈ રહ્યો છે. જેના આધારે દરોડા પડ્યા હતા જ્યાં માહિતી આધારિત ઈનોવા કાર નજરે પડતા પોલીસે કાર કોર્ડન કરી સર્ચ કરતા અંદર થી નાની મોટી અલગ અલગ બ્રાન્ડની દારૂ ની 1368 બોટલ ભરેલા બોક્સ મળી આવ્યા હતા પોલીસે કુલ 1.75.200 રૂપિયા નો દારૂ નો જથ્થો જપ્ત કર્યો હતો. જો કે ઈનોવા કાર ચાલક ફરાર થઇ જતા પોલીસે ઈનોવા કાર ચાલક ને વોન્ટેડ જાહેર કર્યો હતો. અને ઈનોવા કાર કિંમત રૂપિયા 5 લાખ મળી કુ 6.75 લાખ રૂપિયા ઉપરાંત નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં બુટલેગરો યેનકેન પ્રકારે દારૂ ઘુસાડી રહયાં છે. થોડા દિવસો પહેલાં અંકલેશ્વરમાંથી પોલીસે એક ટ્રક ઝડપી પાડી હતી જેના ચોર ખાનામાં દારૂની બોટલો સંતાડવામાં આવી હતી. તો અન્ય એક કિસ્સામાં બુટલેગરે જમીનમાં ખાડાઓ ખોડી તેમાં દારૂની બોટલો તથા બિયરના ટીન સંતાડયાં હતાં.

**DATE: 16/10/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## મહિલા સાત વર્ષથી બીમારીથી પિજાતી હોય ત્રાસી ગઈ હતી, પોલીસ-નાવીકોની મદદથી બચાવાઈ

# સરદાર બ્રિજ પરથી માનસિક બિમાર મહિલા નદીમાં કૂદી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના સરદાર બ્રીજ પરથી અકે મહિલાએ નર્મદા નદીમાં આપઘાત કરવાના ઇરાદે ભુસકો માર્યો હતો. જોકે, સી ડિવિઝન પોલીસને ઘટનાની જાણ થતાં પોલીસે તુરંત એક્શનમાં આવી બોટવાળાની મદદથી મહિલાને બચાવી લીધી હતી. પોલીસે મહીલાનું કાઉન્સિલીંગ કરી તેને તેના પરિવારને સોંપી હતી.

ભરૂચ સી ડિવિઝન પોલીસની ટીમને વર્ધી મળી હતી કે, અક મહિલા નર્મદા નદીમાં મોતને ભુસકો મારી આપઘાત કરવાના ઇરાદે જઇ રહી છે. જેના પગલે પીઆઇ એચ. બી. ગોહિલે તુરંત સર્વેલન્સ સ્ટાફને એક્ટિવ કરતાં એએસઆઇ શૈલેષ, હેકો સુનિલ, પોકો વિજય, પંકજ, સહિતનાઓ તુરંત સ્થળ પર દોડી ગયાં હતાં. તેઓ બ્રીજ પર પહોંચતાં મહલાએ નદીમાં ભુસકો મારી દીધો હોવાનું માલુમ પડ્યું હતું.

જેના પગલે તેમણે નજીકમાં રહેતાં બોલટવાળાઓનો સંપર્ક કરી નદીમાં તપાસ શરૂ કરી હતી. સદનશીબે તેઓ મહિલાને બચાવવામાં સફળ રહ્યાં હતાં. ટીમે મહિલાને પોલીસ સ્ટેશન લાવી તેમને સ્વસ્થ કરી આપઘાતની




કોશિષનું કારણ પુછતાં જાણવા મળ્યું હતું કે, તેઓ છેલ્લાં સાતેક વર્ષથી માનસિક બિમારીથી પિડાતા હોઇ તેનાથી તેઓ કંટાળી ગયાં હતાં. જેના કારણે તેમણે આંત્યેતિક પગલું ભરવાનું વિચારીને નર્મદામાં મોતની છલાંગ લગાવી હતી. પોલીસે તેમની આપવિતી સાંભળી તેમના પતિ તેમજ પરિવારજનોનો સંપર્ક કરી તેમને બોલાવી તમામનું કાઉન્સિલીંગ કરી તેમને પરીવારને સોંપી હતી.

### સુરતના વેપારીએ પણ આપઘાતનો પ્રયાસ કર્યો હતો

ભરૂચના સરદાર બ્રિજ પરથી આપઘાતના ઇરાદે નર્મદામાં કુદી જવાના બનાવો વધી રહ્યાં છે. હજી બે દિવસ પહેલાજ સુરતના એક વેપારીએ દેવુ વધી જતા આંત્યેતિક પગલું ભરવા સરદાર બ્રિજ પરથી કુદી ગયો હતો જોકે ખાલપિયા ગામ પાસે ચાલતા બુલેટ ટ્રેનની કામગીરી પાસે તેને વચાવાયો હતો.

DATE: 16/10/2022 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–04

# અંકલેશ્વરમાંથી એલસીબીએ 41 હજારનો દારૂ ઝડપ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેરમાં આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે ચોક્કસ માહિતી આધારે કમલેશ જયસ્વાલ નામના ઈસમના ઘરે દરોડા પાડ્યા હતા. જ્યાં ઘર માં સર્ચ કરતા ઘરના અંદર થી વિવિધ બ્રાન્ડની નાની મોટી બોટલ 375 નંગ મળી આવી હતી. પોલીસે દારૂ અને બીયરનો જથ્થો તેમજ મોબાઈલ મળી કુલ 46,150 રૂપિયાનો મુદામાલ જપ્ત કર્યો હતો.